# ટેટોડા ગૌશાળામાં એક વર્ષ પહેલા પૂરમાં મોતને ભેટેલી ગાયોને શ્રદ્ધાંજલિ આપી વૃક્ષારોપણ કરાયું





પાલનપુર, તા.૨૮

ગૌમાતા ને ભારત દેશ મહત્વ નું સ્થાન આપવામાં આવ્યું છે ગતવર્ષે બનાસકાંઠા જિલ્લા ભારે વરસાદી પૂર ના કારણે ભારે તબાહી સર્જાઈ હતી જેમાં જિલ્લા ની સૌથી મોટી ગૌશાળા એટલે કે ટેટોડા ગૌશાળા ૩ હજાર જેટલી ગયો પાણી માં તણાઈ મોતને ભેટી હતી આજે આ વાત ને એક વર્ષ પૂર્ણ થતા મૃતક ગાયોને શ્રદ્ધાંજલિ આપી ગયો ના નામે વૃક્ષ વાવ્યા હતા

બનાસકાંઠા જિલ્લા માં ભારે વરસાદ ના કારણે ગત તારીખ ૨૮-૭-૨૦૧૫ ના દિવસે જિલ્લા ની સૌથી મોટી ગૌશાળા એટલે કે ટેટોડા ગૌશાળા વરસાદી પૂર આવી જતા ૩ હજાર કરતા પણ વધારે ગયો પાણી માં તણાઈ જવા પામી હતી જેમાં ૨૭૦૦ જેટલી ગયો મોતને ભેટી હતી તો ૩૦૦ જેટલી ગયો ને બચાવી લેવામાં આવી હતી જે વાત ને આજે એક વર્ષ પૂર્ણ થતા ગૌશાળા ના સંચાલકો ધ્વરા મૃતક ગાયોને શ્રદ્ધાંજલિ આપી ગૌશાળા વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો ૩ હજાર ગયો પાણી માં તણાઈ હતી ત્યારે આજે આ ગૌશાળામાં ત્રણ હજાર વૃક્ષ વાવવામાં આવ્યા છે અને આ વૃક્ષો ને ગાયો ની યાદ ગણી વૃક્ષ નો ઉછેર કરવામાં આવશે. સંચાલકો ધ્વરા એવી પણ જાહેરાત કરવામાં આવી હતી કે જો કોઈ લોકો ને આ વૃક્ષ ને ગાય સમજી દત્તક લેવા હોય તો તે વ્યક્તિ્ય ૧૦૦ રૂપિયા ભરી દત્તક લઈ શકે છે ટેટોડા ગૌશાળા મોટી સંખ્યા માં લોકોએ હાજર રહી ગાયોના આત્મા ને શાંતિ મળે તે માટે ભગવાન ને પ્રાથના પણ કરી હતી

# પરોસડાના ૨૦ વર્ષીય યુવકે જીવન ટૂંકાવ્યું

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના પરોસડા ગામના ૨૦ વર્ષીય યુવકે ગત રવિવારે અગમ્ય કારણોસર નવાખોલાના ડુંગરોમાં ગુંદલાના ઝાડ પર દોરડા વડે ફાંસો બનાવી લટકી જઈ જીવન ટૂંકાવી લીધુ હતું.

વિજયનગર પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર પરોસડા ગામના લાલાભાઈ બાબુભાઈ અસારી (ઉ.વ.૨૦) નાઓ ગત ૨૪મી રવિવારે ઘરેથી નીકળી ગુમ થઈ ગયો હતો. જેની તેના કુંટુંબીઓએ શોધખોળ કરતા બુધવારે સાંજે તે નવાખોલા ગામના ડુંગર પર ગુંદલાના ઝાડ પર ગળાફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. આ ઘટના બાબતે મૃતકના સગા કિશન બદાજી અસારીએ વિજયનગર પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે જઈ પંચનામુ કરી લાશને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપી કાર્યવાહી હાથ ધરી હતી.

# અરવલ્લી જીલ્લા કક્ષાની ફુટબોલ સ્પર્ધા યોજાઈ



ભિલોડા,તા.૨૮

અરવલ્લી જીલ્લા રમત-ગમત અધિકારી, કચેરી, મોડાસાના સંયુક્ત ઉપક્રમે જીલ્લા કક્ષાની ફુટબોલની સ્પર્ધાઓ એન. આર. એ. વિદ્યાલય,ભિલોડામાં યોજાઈ હતી.જીલ્લા ફુટબોલ સ્પર્ધા કન્વીનર મુકેશભાઈ સી.ત્રિવેદીએ જણાવ્યુંહતું કે વિવિધ વય ગ્રૃપની ફુટબોલ સ્પર્ધાઓમાં ૧૫ ટીમોએ ભાગ લીધો હતો. અંડર-૧૪ ભાઈઓની ટીમ ફુટબોલની સ્પર્ધામાં જન સેવા સંઘ ઈંગ્લીશ મીડીયમ ભિલોડા અને અંડર-૧૯ બહેનોની ટીમ ફુટબોલ સ્પર્ધામાં એન.આર.એ.વિદ્યાલય, ભિલોડાની ટીમ ચેમ્પીયન બની હતી.

અંડર-૧૭ બહેનોની ટીમ ફુટબોલ સ્પર્ધામાં સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ, ભિલોડા અને ભાઈઓની ટીમ ફુટબોલની સ્પર્ધામાં સૈનિક શાળા ખેરંચાની ટીમ ચેમ્પીયન બની હતી. આ પ્રસંગે એન. આર. એ. વિદ્યાલય, ભિલોડા આચાર્ય વી. ટી. ચૌહાણ, કમલેશભાઈ મહેતા, એસ.કે. પટેલ, સ્ટાફ પરીવારએ ફુટબોલની ટીમના વિજેતા ખેલાડી વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા.

# પોશીનામાં કરિયાણાની દુકાનમાંથી રૂ.૨૭ હજારની મત્તા ચોરાઈ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જીલ્લાના ઈડર તાલુકાના પોશીના ગામે રહેતા જશુભાઈ બેચરભાઈ પટેલની કરિયાણાની દુકાનમાંથી તા.૨૬ થી ૨૭ જુલાઈ દરમિયાન અજાણ્યા શખ્સોએ દુકાનની જાળી તોડી અંદર પ્રવેશી રૂ.૨૦ હજાર રોકડ તથા રૂ.૭ હજારની અન્ય ચીજવસ્તુઓ મળી રૂ.૨૭ હજારની મત્તાની ચોરી કરી ભાગી ગયા હતા. જે અંગે જશુભાઈ પટેલે બુધવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ઈડર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ડીસા રીસાલા બજારમાં 'ચા'ના પેકેટ ચોરતી મહિલા ચોર ઝડપાઈ

ડીસા, તા. ૨૮

બનાસકાંઠા જિલ્લાના ડીસા શહેરના ભરચક વિસ્તારમાં આવેલા એક ગોડાઉનમાંથી ધોળેદિવસે એક મહિલા ચોરી કરતી હોવાની ઘટના સીસી ટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. જો કે વેપારીએ સીસી ફૂટેજ આધારે મહિલાને ઓળખી લઈ તેને ઝડપી પોલીસના હવાલે કરી હતી.

આ ઘટનાની વિગત જોઈએ તો ડીસામાં રીસાલા બજારમાં આવેલા એક ગોડાઉનમાં ચોરી થઈ હતી. જેના સીસીટીવી ફૂટેજમાં એક મહિલા ચોરી કરતી સ્પષ્ટ દેખાઈ આવે છે. આ મહિલા બપોરના સમયે



એકલતાનો લાભ લઈ બિલ્લી પગે ગોડાઉનમાં ઘુસે છે અને ૧૫ ચાના ડબ્બાની ઉઠાંતરી કરી પલાયન થઈ જાય છે. ડીસામાં રહેતા દિનેશચંદ્ર મોદીની રીસાલા બજારમાં નદી ટ્રેડિંગ નામની દુકાન આવેલી છે. જ્યાં તેમની ઉપરના ઓફીસ છે અને નીચે ગોડાઉન તરીકે ઉપયોગ કરે છે અને ઉપર ઓફિસ ચલાવે છે. તે દરમ્યાન છેલ્લા એક અઠવાડિયા તેમના ગોડાઉનમાં માલસામાનનો સ્ટોક ચેક કરતા તેઓને ચોરી થઈ હોવાની શંકા ગઈ હતી અને તેમને સીસીટીવી ચેક કરતા એક મહિલા તેમના ગોડાઉનમાં બપોરના સમયે ચોરી કરતી હોવાનુ માલુમ પડ્યું હતું. જેથી તેઓએ બીજા દિવસે વોચ રાખી હતી અને ત્યાંથી પસાર થતી આ મહિલાને ઝડપી લઈ દક્ષિણ પોલીસના હવાલે કરી હતી.

# તલોદના માધવગઢ કંપાની સીમમાંથી રૂ.૬૦ હજારની ડ્રીપ પાઈપો ચોરાઈ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જીલ્લાના તલોદ તાલુકાના માધવગઢ કંપાની સીમમાં આવેલ હિતેષકુમાર ધનજીભાઈ પટેલની જમીનના શેઢા પર રખાયેલ રૂ.૬૦ હજારની કિંમતની ૨૦ નંગ વેટા ડ્રીપ પાઈપની બુધવારે રાત્રે અજાણ્યા શખ્સો ચોરી કરીને લઈ ગયા હતા. આ શખ્સો વાહનમાં આવ્યા હોવાનું મનાય છે. જે અંગે નવા ગામના રાજેશકુમાર શંકરભાઈ પટેલે પાંચ અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ગુરૂવારે તલોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# છકડાની ટક્કરથી શ્વાન મરી જતા ચાલકને માર મારતા ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જીલ્લાના વિજયનગર તાલુકાના મોવતપુરા ગામે ગત તા.૧૪ જુલાઈએ શ્વાન છકડો રીક્ષાના પાછળના ભાગે અથડાતા તેનું મોત થયુ હતું. જેની અદાવત રાખી શ્વાનના માલિકના બે દિકરાઓએ છકડો રીક્ષા ચાલકને લાકડીઓથી માર મારતા ચાલકે બંને ભાઈઓ વિરૂધ્ધ ચિઠોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

ચિઠોડા પોલીસ મથકના પી.એસ.ઓ. રમણભાઈએ આપેલી માહિતી અનુસાર મોવતપુરા ગામના નિતીન મગનભાઈ મોડીયા રીક્ષા ચલાવે છે. જે પોતાની છકડો રીક્ષા લઈને ગત તા.૧૪ જુલાઈએ મોવતપુરા ગામેથી પસાર થતા હતા. જે સમયે પ્રદિપભાઈ પ્રવિણભાઈ કલાસવાનો શ્વાન અચાનક જ છકડો રીક્ષાના પાછળના ભાગે અથડાતા તેનું મૃત્યુ થયું હતું. જેની અદાવત રાખી પ્રદિપ અને તેના ભાઈ પપ્પુએ છકડો ચાલક નિતીન મોડીયા સાથે તકરાર કરી ગડદાપાટુનો માર માર્યો હતો. છતાં નિતીનભાઈએ કોઈ કાર્યવાહી કરી ન હતી. પરંતુ ફરીથી ગત સોમવારને ૨૫મી તારીખે પ્રદિપભાઈ અને પપ્પુભાઈએ શ્વાનના મૃત્યુ અંગેની અદાવત રાખી નિતીનને લાકડીઓ અને ગડદાપાટુનો માર મારતા નિતીન મોડીયાએ બુધવારે પ્રદિપ અને પપ્પુ પ્રવિણભાઈ કલાસવા વિરૂધ્ધ ચિઠોડા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# અરવલ્લી જિલ્લામાં મેઘરાજાની ધીમીધારે પધરામણી

## વાતાવરણમાં ઠંડક પ્રસરતા પ્રજાજનો ખુશખુશાલ

મોડાસા, તા. ૨૮

કેટલાક દિવસોની રાહ જોવડાવ્યા બાદ બુધવારે સવારે અરવલ્લી જિલ્લાના તમામ વિસ્તારોમાં મેઘરાજાની સવારી આવી પહોંચી હતી અને ગુરૂવારે પણ જિલ્લાના અનેક વિસ્તારોમાં મેઘરાજા ધીમી ધારે વરસવાનુ ચાલુ રાખતા વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. કેટલાક દિવસોથી ચાતક નજરે રાહ જોવાઈ રહી હતી અને ઝાપટા સ્વરૂપે અને ધીમીધારે પડેલા વરસાદથી જિલ્લામાં વાવેતર થયેલ શાકભાજી સહિત ખરીફ પાકોને મોટા પ્રમાણમાં રાહત થતા ભૂમિપુત્રોમાં ખુશીની લહેર ફેલાઈ રહી હતી. અરવલ્લી જિલ્લામાં આ વર્ષે અત્યાર સુધીમાં ગત વર્ષની સરખામણીએ ટકાવારીની દૃષ્ટિએ ૩૭ ટકા આસપાસ વરસાદ નોંધાયો છે. આમ છતા જુલાઈ માસના ત્રણ દિવસ બાકી રહ્યા હોવા છતા હજુ સુધી નદી-નાળા તળાવો કે સરોવરો છલકાયા નથી.

છેલ્લા ઘણા દિવસોથી આકાશમાં વાદળો બંધાઈને વરસાદી માહોલ બનતો હતો, પરંતુ વરસાદ સંતાકુકડી રમતા લોકોમાં વરસાદને લઈને ભારે નિરાશા હતી ત્યાં મંગળવારે રાત્રે અને બુધવારે સવારે શરૂ થયેલી મેઘમહેર ઝાપટા સ્વરૂપે



અને ધીમીધારે ગુરૂવારે ૧૧ વાગ્યા સુધી યથાવત રહેતા જિલ્લાના વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી. કેટલાક દિવસો બાદ શરૂ થયેલા વરસાદના બીજા રાઉન્ડથી ખેડૂતોની મોટી રાહત થઈ છે. કેમ કે જિલ્લામાં વાવણી થયેલ કપાસ, મગ, અડદ, તલ સહિતના ખરીફ પાકો તેમજ મકાઈ અને શાકભાજીના વાવેતરને વરસાદની જરૂર હતી ત્યારે યોગ્ય સમયે પડેલા વરસાદથી આ પાકોને પણ જીવતદાન મળ્યું છે.

જિલ્લાના ભૂમિપુત્રોના જણાવ્યા મુજબ અત્યાર સુધી જિલ્લામાં નોંધાયેલા વરસાદથી ખેડૂતો ચિંતાતુર છે. વરસાદી સીઝનમાં ઝરમરીયો વરસાદ પડે તેનાથી શુ વળશે માત્ર વાતાવરણમાં ઠંડક રહેશે અને ચોમાસુ ખેતીમાં મહદઅંશે મદદરૂપ થશે. જો આ વર્ષે મેઘરાજા ઝરમરીયા વરસાદ રૂપે વરસી રહેશે તો જાણે દુષ્કાળ જેવી સ્થિતિ સર્જાશે. વરસાદી પાણીના અભાવે આગામી સીઝનો માટે અપેક્ષિત નવો જળજથ્થો ઉપલબ્ધ થવાની આ વરસાદથી કોઈ આશા બંધાતી નથી. સમગ્ર જિલ્લામાં વ્યાપક અને મુશળધાર વરસાદનો હજુ ધરતીપુત્રોને ઈંતજાર છે.

# અંબાજીના જેતવાસ ગામે આઠ જુગારીયા ઝડપાયા

અંબાજી, તા. ૨૮

અંબાજી નજીકના જેતવાસ ગામે રહેણાંક મકાનમાં કેટલાક જુગારીઓ શ્રાવણ પૂર્વે જુગારની બાજી માંડી હારજીતનો જુગાર રમી રહ્યા હતા જ્યાં પોલીસે દરોડો પાડી રૂ.૬૪૯૪૦નો મુદ્દામાલ જપ્ત કરી આઠ જુગારીઓને રંગેહાથ ઝડપી પાડ્યા હતા અને તમામ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર બનાસકાંઠા જિલ્લા પોલીસ વડાએ બનાસકાંઠા જિલ્લામાં જુગારની બદીને ડામવા કડક કાર્યવાહી કરવા પોલીસને સૂચના આપી હતી. આથી જિલ્લા એલસીબી પી.આઈ. કે.જે. પટેલ સહિતની ટીમે સઘન ચેકીંગ હાથ ધર્યુ હતુ. જેમાં અંબાજી નજીકના જેતવાસ ગામે કાળાભાઈ ધનાભાઈ ખરાડીના રહેણાંક મકાનમાં કેટલાક ઈસમો જુગાર રમી રહ્યા હતા. જેથી પોલીસે દરોડો પાડી સમરથદાન ગઢવી, રમેશજી ઠાકોર, હિતેષ પટેલ, ભરત બારોટ, નીલેશજી ઠાકોર, રામજી પરમાર, હરેશકુમાર અગ્રવાલ અને નાનજી ફુરાજી ઠાકોરને રંગેહાથ જુગાર રમતા ઝડપી પાડ્યા હતા.

પોલીસ દરોડામાં રૂ. ૫૫૯૪૦ની રોકડ, ૯ હજારની કિંમતના મોબાઈલ મળી કુલ ૬૪૯૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યા.ો હતો. આ તમામ વિરૂદ્ધ પોલીસે ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. જેની તપાસ પીએસઆઈ એસ.એસ. વટુ ચલાવી રહ્યા છે.

# ડીસામાં ૧.૬૭ કરોડની છેતરપીંડી કેસનો મુખ્ય સૂત્રધાર ઝડપાયો

ડીસા,તા. ૨૮

ડીસા સહીત બનાસકાંઠા જિલ્લામાં જમીનને લગતા ગુનાઓમાં નોંધપાત્ર વધારો થવા પામ્યો છે. જેમાં ૮ મહિના અગાઉ જુના ડીસા પાસેની જમીનનો દસ્તાવેજ કર્યા બાદ તેના માલિકને બાકી નીકળતા ૧.૬૭ કરોડ ના આપી છેતરપિંડી કરતા તેના મુળ માલિકે દક્ષિણ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેમાં પોલીસે મુખ્ય સુત્રધારની અટકાયત કરી અન્ય આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

આ કેસની વિગત એવી છે કે ડીસાના તાલુકાના જુનાડીસા ગામમાં રહેતા કાંતિભાઈ મોતીભાઈ પ્રજાપતિએ તેમની જમીન માટે અશ્વિનભાઈ રાયચંદ પ્રજાપતિને બાનાખત કરી આપ્યુ હતુ. જેમાં અશ્વિનભાઈ પ્રજાપતિએ જુનાડીસા નજીક સ.ન. ૪૪ પૈકી ૨ માં આવેલી સાડા ત્રણ વિઘા જમીન સુરેશભાઈ હરખચંદ બિનાકીયાના કહેવાથી તેમના ભાગીદાર નવિનભાઈ જીવણભાઈ પટેલને ૨.૬૭ કરોડમાં



વેચી હતી. જેમાં ૧ કરોડ આપીને બાકીના નાણા દસ્તાવેજ કર્યા બાદ આપવાના હતા તે મુજબ જમીન માલિક દસ્તાવેજ કર્યા બાદ પણ ૧.૬૭ કરોડ આપ્યા ના હતા. જેના માટે મૂળ માલિકે ઉઘરાણી કરતા સુરેશભાઈના પત્ની શોભાબેન બિનાકીયા, પ્રકાશભાઈ ચેહરાભાઈ રબારી અને પાંચાભાઈ હરિભાઈ દેસાઈએ જવાબદારી લીધી હતી પરંતુ તેમ છતાં વારંવાર ઉઘરાણી કરવા છતાં જમીનના બાકી નીકળતી રકમ ૧.૬૭ કરોડ રૂપિયા ના આપતા આખરે અશ્વિનભાઈ પ્રજાપતિએ પાંચેય વિરૂદ્ધ છેતરપિંડીની ફરિયાદ નોંધાવી હતી. જેમાં એક આરોપીએ આગોતરા જામીન મેળવ્યા હતા. જ્યારે મુખ્ય સુત્રધાર સુરેશભાઈ હરખચંદ બિનકીયાની અટકાયત કરી વધુ ત્રણ આરોપીઓની શોધખોળ હાથ ધરી છે.

# હિંમતનગરની જલારામ જયોત સોસાયટીમાં ચોરી થતાં ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના મહાવીરનગર વિસ્તારમાં આવેલ જલારામ જયોત સોસાયટીમાં રહેતા ચંદ્રેશભાઈ અશોકભાઈ ભટ્ટના મકાનમાંથી તા.૨૬ જુલાઈની રાત્રે અજાણ્યા શખ્સોએ પ્રવેશ કરી તિજોરીમાં મુકેલ રૂ.૪૭,૫૦૦ના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી લઈ જતા ચંદ્રેશભાઈએ બુધવારે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ હિંમતનગર એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# ધાણધાની સીમમાં મહિલાની છેડતી કરાતા એક વિરૂધ્ધ ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના ધાણધા-નવાગામની સીમમાંથી ગત તા.૨૨ જુલાઈના રોજ પસાર થઈ રહેલ સંગીતાબેન જયેન્દ્રસિંહ રાઠોડની એકલતાનો લાભ લઈને નવાગામના ધીરજસિંહ તેજસિંહ ઝાલાએ આબરૂ લેવાનો પ્રયાસ કરી ગાળો બોલી કુહાડીથી ઈજા કરી ભાગી ગયો હતો. જે અંગે સંગીતાબેને બુધવારે ધીરજસિંહ ઝાલા વિરૂધ્ધ એ-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# પાલનપુરમાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી

## છેલ્લા ૧૨ કલાકમાં અઢી ઈંચ વરસાદ : નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા

પાલનપુર, તા. ૨૮

સરહદી બનાસકાંઠા જિલ્લાના મુખ્યાલય પાલનપુર ખાતે હજી સુધી મેઘરાજા મન મુકીને વરસ્યા નથી. ત્યારે આજે મેઘરાજાએ ધમાકેદાર આગમન કરતા વરસાદી ઝાપટુ પડ્યુ હતુ. જેથી વાતાવરણ ખુશનુમા બની ગયું હતું. છેલ્લા ૧૨ કલાકમાં અઢી એક ઈંચ વરસાદ થતા શહેરના નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા.



પાલનપુરમાં છેલ્લા કેટલાય દિવસથી વાતાવરણમાં અસહ્ય ઉકળાટ અને બફારો વર્તાઈ રહ્યો હતો. શહેરીજનો વરસાદની કાગડોળે રાહ જોતા હતા. પરંતુ હરહંમેશની જેમ વાદળછાયુ વાતાવરણ ઉભુ કર્યા બાદ પણ મેઘરાજા હાથતાળી આપી જતા રહેતા હતા. દરમિયાન, છેલ્લા બે દિવસથી અસહ્ય ઉકળાટ બાદ આજે મેઘરાજાએ પધરામણી કરતા અબાલવૃદ્ધ સૌ કોઈએ મેઘરાજાના આગમનને હરખઘેલા બની વધાવી લીધુ હતુ. વરસાદી ઝાપટાને પગલે વાતાવરણમાં ઠંડક પ્રસરી જતા લોકોએ રાહત અનુભવી હતી. જો કે માત્ર ૧૨ કલાકમાં અઢી એક ઈંચ વરસાદમાં પણ શહેરના જાહેરમાર્ગો, જાહેર સરકારી મિલ્કતો સહીતના નીચાણવાળા વિસ્તારમાં વરસાદી પાણી ભરાઈ જતા પાલિકાના પ્રિમોન્સુન પ્લાનની પોકળતાનો પર્દાફાશ થઈ જવા પામ્યો હતો.

# ખાણ-ખનિજ વિભાગ દ્વારા રૂા.૫.૭ લાખની માટીની ચોરીની ફરિયાદ

હિંમતનગર, તા. ૨૮

સાબરકાંઠા જીલ્લાના હિંમતનગર તાલુકાના જામળા ગામે આવેલ ગૌચર પૈકીની કેટલીક જમીનમાંથી ખાણ-ખનિજ વિભાગની પરવાનગી વિના ગત માસ માર્ચ-એપ્રિલ દરમિયાન ૭૪૮૫ મેટ્રીક ટન માટીની કરાયેલી ચોરી બદલ બુધવારે ખાણ-ખનિજ વિભાગના ભુસ્તરશાસ્ત્રીએ જામળાના સરપંચ અને તલાટી વિરૂધ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

આ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ જામળા ગામે આવેલ સર્વે નં.૭૭૧ના ગૌચરમાંથી કેટલાક શખ્સો ખાણ-ખનિજ વિભાગ કે પંચાયતની પરવાનગી લીધા વિના અંદાજે ૭૪૮૫ મેટ્રીક ટન માટીની ચોરી કરી લઈ ગયા હતા. જે અંગે ખાણ-ખનિજ વિભાગે ગામના સરપંચ તથા તલાટીને નોટીસ આપી જવાબ માગ્યો હતો. પરંતુ તેમાં અપુરતી વિગતો હોવાને કારણે ખાણ-ખનિજ વિભાગના ભુસ્તરશાસ્ત્રી ભાવેશકુમાર વાસુદેવભાઈ સાધુએ ગામના સરપંચ તથા તલાટી વિરૂધ્ધ રૂા.૫.૭ લાખથી વધુની માટીની ચોરી કરાઈ હોવાનું તપાસમાં બહાર આવતા બુધવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.